## ★ નિવેદન ★

પ્રસ્તુત તુલનાત્મક અભ્યાસના કેન્દ્રસ્થાને થોમસ હાર્ડી અને ચુનીલાલ મડિયાની નવલકથાઓમાં નિરૂપાયેલો ગ્રામ્યપરિવેશ છે.વૈશ્વિકસ્તરે આકાર પામતી ઘટનાઓ દ્વારા પૂર્વ અને પશ્ચિમના ગ્રામ્ય પરિવેશમાં ભિન્ન-ભિન્ન સમયે-સ્થળે અનેક પરિવર્તનો થતાં રહે છે, અને આ ગ્રામ્ય પરિવેશ અને એમાં આવતા પરિવર્તનોનો પડઘો સાહિત્યમાં પડયા વગર રહેતો નથી.કોઈપણ પ્રદેશના ગ્રામીણ પરિવેશને અસર કરતી મુખ્ય ઘટના હોય તો એ છે ઔદ્યોગિકરણ, જેની કેટલીક સાનુકૂળ તો કેટલીક પ્રતિકૂળ અસરો  ગ્રામ્ય સમાજ અને એના જીવન ઉપર પડી. જેને લીધે સમાજશાસ્ત્રીઓનું ધ્યાન ગામડાંઓ તરફ દોરાયું અને સમાજશાસ્ત્રના વિકાસનાં એક તબકકે તેની વિશિષ્ટ શાખા તરીકે ગ્રામીણ સમાજશાસ્ત્રનો ઉદ્દ્ભવ અમેરિકામાં વીસમી સદીના પ્રારંભમાં થયો.સમાજની ઉકેલ માંગતી સમસ્યાઓ તરફ ભિન્ન-ભિન્ન સમયે સમાજચિંતકો હંમેશા ચિંતા અને ચિંતન કરતા આવ્યા છે.તેઓએ ગ્રામ્યપરિવેશ, પરિવર્તન અને ગ્રામજનોની સમસ્યાઓ અંગે પોતાના મંતવ્યો રજૂ કર્યાં છે. સમાજચિંતકોનાં આ મંતવ્યોએ પશ્ચિમી સમાજમાં સામાજિક નીતિનું ઘડતર કરનાર નેતાઓ, સામાજિક કાર્યકરો તેમજ સમાજશાસ્ત્રીઓનું ગ્રામ્ય સમાજ તરફ ધ્યાન દોરવામાં, તેના વૈજ્ઞાનિક અભ્યાસો કરવાની જરૂરિયાત સમજવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. એમ કહી શકાય કે સમાજચિંતકોના લખાણોએ ગ્રામીણ સમાજશાસ્ત્રના  ઉદ્દ્ભવ માટે આધારભૂત ભૂમિકા ભજવી.

બીજી બાજુ, ઔદ્યોગિકક્રાંતિને લીધે ગ્રામ્ય સમાજ અને ગ્રામ્યજીવન ઉપર અનેકવિધ વિપરીત અસરો પડવા લાગી. જેના ફલસ્વરૂપે ગ્રામ્ય સમાજમાં વિભિન્ન સમસ્યાઓ ઉદ્દ્ભવી. આ ઘટનાએ કેટલાક વિદ્વાનોનું તેમજ નેતાઓનું ધ્યાન દોર્યું. આથી બ્રિટન, જર્મની, અમેરિકા વગેરે દેશોના કેટલાંક વિદ્વાનો દ્વારા ગ્રામીણ સમુદાયની ઉત્પત્તિ, સ્વરૂપ અને પરિવર્તનને લગતા અભ્યાસોની શરૂઆત ઓગણીસમી સદીના ઉત્તરાર્ધમાં થઇ. ઈ.સ. ૧૮૮૨ની આસપાસ  દક્ષિણ ભારતના ગામડાંઓમાં જમીન અને ખેતમજૂરને લગતા અભ્યાસો હાથ ધરવામાં આવ્યા. આ પહેલાં

પૂર્વ અને પશ્ચિમના ગ્રામસમુદાયોનો તુલનાત્મક અભ્યાસ થયો હતો.જો કે મોટાભાગનાં અભ્યાસો કાં તો અર્થશાસ્ત્રીઓ દ્વારા અથવા માનવશાસ્ત્રીઓ દ્વારા થયાં હતાં. આમ છતાં ગ્રામીણ સમાજનાં ભિન્ન-ભિન્ન પાસાંઓને લગતાં વિશિષ્ટ અભ્યાસો જેવાં કે ગામડાંની જ્ઞાતિ વ્યવસ્થા, ગામડાંની કુટુંબ વ્યવસ્થા, ગામડાંમાં ધર્મસંસ્થા વગેરેનું પ્રતિબિંબ સાહિત્યમાં પણ પડયું અને એના મુખ્ય વિષયવસ્તુ તરીકે સ્થાન ગ્રહણ કર્યુ, અને ત્યારબાદ  સાહિત્યક્ષેત્રે પણ ગ્રામ્યપરિવેશ લેખકો અને સંશોધનકારોનો માનીતો અને રસપ્રદ વિષય બની રહેવા પામ્યો છે.મારા પ્રસ્તુત શોધનિબંધને પણ સાહિત્યમાં ચાલી આવતી ગ્રામ્યપરિવેશનાં નિરૂપણ અને સંશોધનની પરંપરાનો એક ભાગ જ ગણી શકાય.

મારાં શોધનિબંધનાં વિષય તરીકે થોમસ હાર્ડી અને ચુનીલાલ મડિયાની નવલકથાઓમાં ગ્રામ્યપરિવેશ પસંદગી પામ્યો એનાં કેટલાંક કારણોમાંનું એક અંગત કારણ એ છે કે ધરમપુર દક્ષિણ ગુજરાતનાં વલસાડ જિલ્લાનો છેવાડાંનો તાલુકો છે.આ તાલુકાની મોટાંભાગની વસ્તી આદિવાસીઓની છે.હું પણ આ જ ગામનો વતની છું.નાનપણથી આજદીન સુધી અહીંના ગ્રામ્યપ્રદેશ અને ગ્રામ્યપ્રજાનાં ગાઢ સંપર્કમાં રહ્યો છું. એમના જીવનનાં વિવિધ સારાં-માઠાં પ્રસંગોમાં સહભાગી થયો છું.પરિણામે એમની જીવનશૈલી, એમના પ્રશ્નો, લાગણીઓ સમજવાની એક સહજ સૂઝ મને પ્રાપ્ત થઇ છે.અહીંનાં ગામડાંઓ, ખેતરો, નદીઓ, ડુંગરો, અને જંગલોમાં રખડયો છું.અને જેમ વર્ડ્ઝવર્થ  કહે છે,

“One impulse from vernal wood

May teach you more of  man,

Of moral evil and of good

Than all the sages can ”

અહીંની પ્રકૃતિએ મને ઘણું શીખવ્યું છે, અહીનાં ગ્રામ્યપરિવેશે મારી માનસિકતા ઘડી છે-મને 'nostalgic'બનાવ્યો છે.

બીજી બાજુ, અંગ્રેજી વિષયનાં વિદ્યાર્થી અને અધ્યાપક તરીકે વિદેશી સાહિત્યનાં સંપર્કમાં આવ્યો.પરંતુ એમાં પણ ટી.એસ.ઇલીયટ, જેમ્સ જોઇસ, સેમ્યુઅલ બકેટ, કામુ વગેરે જેવાં આધુનિક જીવનની વિછિન્નતા રજૂ કરતાં લેખકો કરતાં શેકસપિઅર, વર્ડ્ઝવર્થ, કિટસ, બ્લેક જેવાં સાહિત્યકારોનાં સર્જન સાથે વધુ તાદાત્મ્ય સાધી શકયો.આવી જ તાદાત્મયતા થોમસ હાર્ડી અને ચુનીલાલ મડિયાની નવલકથાઓનાં અભ્યાસ દરમ્યાન પણ અનુભવી.મારાં શોધનિબંધનાં વિષય બાબતે આદરણીય પ્રા.ડૉ.દમયંતી બેન પરમાર સાથેની ચર્ચા-વિચારણા દરમ્યાન, એમણે મારી આ માનસિકતા પારખી અને એ દિશામાં આગળ વધવા મને પ્રોત્સાહિત કર્યો.પરિણામે થોમસ હાર્ડી અને ચુનીલાલ મડિયાની નવલકથાઓમાં ગ્રામ્યપરિવેશનો તુલનાત્મક અભ્યાસ મારાં શોધનિબંધનો વિષય બન્યો.

મારાં પ્રસ્તુત અભ્યાસ વિષયનું શિર્ષક છે,'થોમસ હાર્ડી અને ચુનીલાલ મડિયાની નવલકથાઓમાં ગ્રામ્યપરિવેશ : એક વિષયવસ્તુલક્ષી તુલનાત્મક અધ્યયન : વિશેષ કૃતિઓના સંદર્ભમાં' ('અન્ડર ધ ગ્રીનવુડ ટ્રી', 'ફાર ફ્રોમ ધ મેડીગ ક્રાઉડ', 'ધ રીટર્ન ઓફ ધ નેટીવ', 'ધ મેયર ઓફ કેસ્ટરબ્રીજ', 'ધ વુડલેન્ડર્સ', 'ટેસ ઓફ ડ'અર્બરવિલ્સ', 'જયુડ ધ ઓબ્સકયોર') અને ('પાવકજવાળા', 'વ્યાજનો વારસ', 'ઈંધણ ઓછાં પડયા', 'વેળાં વેળાંની છાંયડી', 'લીલુડી ધરતી,' 'શેવાળના શતદલ', 'આલા ધાંધલનું ઝીઝાવદર'). પ્રસ્તુત મહાનિબંધને કુલ સાત પ્રકરણોમાં વિભાજીત કરવામાં આવ્યો છે.આ પ્રકરણો પૈકી પહેલાં પ્રકરણમાં ગ્યૂઇથે, મેથ્યુ આર્નોલ્ડ, જે.એ.કડન, પિકોઇસ, અને રુસો, હેનરી રિમાક, રવીન્દ્રનાથ ટાગોર, ઉમાશંકર જોષી વગેરે વિદ્વાનોના તુલનાત્મક સાહિત્ય વિષેનાં વ્યાખ્યાનો અને વ્યાખ્યાઓનો આધાર લઇ, એનું

પૃથ્થકરણ કરી તુલનાત્મક સાહિત્યનું સ્વરૂપ, અભ્યાસક્ષેત્ર અને હેતુઓ સ્પષ્ટ કરવામાં આવ્યા છે.બીજાં પ્રકરણનાં ખંડ-૧માં ગ્રામ્યપરિવેશની કેટલીક લાક્ષણિકતાઓની ચર્ચા કરી, એ એક વિષયવસ્તુ તરીકે કેવું સ્વરૂપ ધારણ કરે છે અને એ સંશોધન વિષયનો સીમાવિસ્તાર શું હોઇ શકે એ સ્પષ્ટ કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.આ પ્રકરણના ખંડ-૨ અને ૩ માં  અંગ્રેજી અને ગુજરાતી નવલકથાકારોની મુખ્ય નવલકથાઓમાં ગ્રામ્યપરિવેશનું કેવું નિરૂપણ થાય છે એ ટૂંકમાં દર્શાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.આ તુલનાત્મક અભ્યાસ દ્વારા વિવિધ પ્રદેશના ગ્રામ્ય પરિવેશમાં રહેલા વૈવિધ્યનો ખ્યાલ આપવામાં આવ્યો છે.ત્રીજા પ્રકરણમાં ગ્રામજનોનો કૃષિ તરફનો લગાવ, એમનાં કૃષિસંબંધી સાધનો, કૃષકો અને પ્રાણી-પક્ષી, કૃષકોની ટેવો, એમનાં ગ્રામિણ વ્યવસાયો, કૃષકોની આંતરિક લેવડ-દેવડ વગેરે કૃષિસંબંધી બાબતો ઉપર પ્રકાશ પાડવામાં આવ્યો છે.ચોથા પ્રકરણમાં ગ્રામ્યસમાજ, એમની ગરિબાઇ, સામાજિક સંઘર્ષ, સામાજિક ભેદભાવ, દામ્પત્યજીવન અને અનૈતિક સંબંધો, સામાજિક મૂલ્યોમાં પરિવર્તન વગેરે ગ્રામ્યપરિવેશનાં સામાજિક પાસાંઓ ઉપર પ્રકાશ પાડવામાં આવ્યો છે.પાંચમા પ્રકરણમાં ધર્મ, ગ્રામજનોની શ્રધ્ધા-અંધશ્રધ્ધા, એમના વાર-તહેવાર, હાર્ડી અને મડિયાની ભાષાશૈલી અને એમણે પ્રયોજેલી બોલી, વગેરે સાંસ્કૃતિક પરિવેશનું અવલોકન કરવામાં આવ્યું છે.છઠ્ઠા પ્રકરણમાં થોમસ હાર્ડી અને ચુનીલાલ મડિયાની નવલકથાઓના તુલનાત્મક અભ્યાસનાં અંતે બંને નવલકથાકારોનું એક સર્જક તરીકે કેવું ચિત્ર ઉપસે છે, બંને નવલકથાકારોની ગ્રામ્યપરિવેશની પ્રસ્તુતી અને અભિગમમાં કઇ સમાનતાઓ રહેલી છે અને કયા ભેદો રહેલાં છે એવા કેટલાંક અવલોકનો રજૂ કરવામાં આવ્યા છે.છેલ્લાં અને અતિ મહત્ત્વનાં ઉપસંહારરૂપ સાતમા પ્રકરણમાં હાર્ડી અને મડિયાની નવલકથાઓનાં તુલનાત્મક અભ્યાસ અને અવલોકનોનાં અંતે કેટલાંક વિષયવસ્તુલક્ષી તારણો ઉપર આવી એમનાં વચ્ચેનો સંબંધ સ્પષ્ટ કરવાનો પ્રયત્ન આદર્યો છે. આમ, પ્રસ્તુત શોધનિબંધમાં બે ભિન્ન-ભિન્ન ગ્રામ્યપ્રદેશ એટલે કે હાર્ડીનાં ‘વેસેક્સ’ અને મડિયાના ‘સૌરાષ્ટ્ર’ નાં ગ્રામ્પરિવેશનાં અલગ-અલગ પાસાંઓની છણાવટ કરવામાં આવી છે.પરિણામે મારાં

આ સંશોધન કાર્યની અગત્યતા એ રહેશે કે આજનાં આધુનિકીકરણ અને વૈશ્વિકરણથી વર્તમાન ગ્રામ્યપરિવેશમાં કેટલાં અંશે અને કેવાં પરિવર્તનો આવ્યા છે એ જોવાની અને ચકાસવાની તક પણ પૂરી પડશે અને એ રીતે મારો શોધ-નિબંધ વિશિષ્ટ બની રહેશે એવું મારું વિનમ્રપણે માનવું છે.